# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી - ૨૦૨૬ પ્રાથમિક પરીક્ષાના પરીણામનું જાહેરનામું"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/AEIAT/૨૦૨૬/4634-47-48 તા:૦૭/૦૪/૨૦૨૬

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૪/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:DPE/MKM/e-file/105/2025/2596 થી મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની પરીક્ષાનું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને જણાવવામાં આવેલ છે. આ પરીક્ષા માટે લાયકાત, અનુભવ, ઉંમર વગેરે બાબતો શિક્ષણ વિભાગના તા:૦૪/૦૪/૨૦૨૫ ના જાહેરનામા No.K/SH/24/2025/ED/MIS/e-file/3/2022/0013/CH અને તા.૨૧/૦૧/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧૨૦૧૨/એસએફ-૫/કે ના ભરતી નિયમો મુજબ રાખવામાં આવેલ છે.

મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની પરીક્ષા 2026 પરીક્ષા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની પરીક્ષા ૨૫,૯૯૧ ઉમેદવારો માટે તા.૦૧/03/૨૦૨૬ (રવિવાર) બપોરે ૧૨:૦૦ કલાક થી ૦૨:૦૦ કલાક દરમિયાન અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરતના કુલ ૧૩૭ પરીક્ષા કેન્દ્રો પર મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી માટેની પરીક્ષા 2026 નું આયોજન કરવામાં આવેલ હતું.

પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:03/03/૨૦૨૬ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો ઈ-મેઈલ મારફત તા.03/03/૨૦૨૬ થી તા.૦૭/03/૨૦૨૬ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે અત્રેનીના કચેરીના ઇ-મેઇલ એડ્રેસ (sebg.query@gmail.com) પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી. આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.30/03/૨૦૨૬ ના રોજ કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૦૭/૦૪/૨૦૨૬ (મંગળવાર) ના રોજ "મદદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટીટ્યુડ ટેસ્ટ (AEIAT) (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) સીધી ભરતી -૨૦૨૬" નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

❖ **પરીણામની વિગતો:**

| Register | Pass |
|---|---|
| 25991 | 2768 |

| Details of Marks (out of 200) | Candidates |
|---|---|
| 80 And More | 2020 |
| 90 And More | 1330 |

| | |
|---|---|
| 100 And More | 900 |
| 110 And More | 552 |
| 120 And More | 310 |
| 130 And More | 140 |
| 140 And More | 46 |
| 150 And More | 8 |

❖ **અગત્યની સૂચનાઓ:**

- પ્રાથમિક પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા ૪૦% (80 ગુણ) અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને શારિરીક અપંગતા (Physically Handicap) ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં ઓછામાં ઓછા ૩૫% (70 ગુણ) (Minimum Qualifying Standard) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- પ્રાથમિક કસોટીમાં Cut off કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો માટે મુખ્ય કસોટી યોજાશે જે વર્ણાનાત્મક અને હેતુલક્ષી સ્વરૂપની રહેશે. **આ પરીણામ માત્ર પાસ/નાપાસ પુરતુ છે.** રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઠરાવની જોગવાઈ મુજબ કેટેગરી વાઈઝ જગ્યાના ૦૭ ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. મુખ્ય પરીક્ષા માટે કવોલીફાય થનાર ઉમેદવારની યાદી આ પછી થી બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. સદર પરીક્ષામાં પાસ થવાથી, મુખ્ય પરીક્ષા માટે કવોલીફાય થવાનો અધિકાર પ્રસ્થાપિત થઈ જતો નથી તે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાનું રહેશે.
- પ્રાથમિક કસોટી (Preliminary Test) ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહી. આખરી પરિણામ માત્ર મુખ્ય પરિક્ષાના આધારે નિયત કરવામાં આવશે.
- AEIAT પ્રાથમિક કસોટી પરીણામ બાબતે કોઈ રજૂઆત હોય તો જરૂરી આધાર-પુરાવા સાથે રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે રૂબરૂ લેખિત રજૂઆત કરી શકાશે.
- નોંધ: વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, કેટેગરી, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરિણામની વિગતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને મોકલી આપવામાં આવશે. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.
- નોંધ: મુખ્ય પરીક્ષા માટે કવોલિફાય થનાર ઉમેદવારની યાદી જાહેર થયા બાદ મુખ્ય પરીક્ષા માટેની સુચનાઓ જાહેર કરવામાં આવશે તેમજ તેની જાહેર નિવિદા પણ આપવામાં આવશે માટે સંબંધિત ઉમેદવારોએ બોર્ડની વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.

સ્થળ: ગાંધીનગર

તા.૦૭/૦૪/૨૦૨૬

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય જાણ સારૂ:

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.